ગાંધીનગર સમાચાર

ગાંધીનગરના વિદ્યાર્થીઓને શાળામાંથી જ ઓનલાઇન એસટીના પાસ મળી રહેશે

# સીટી પલ્સ પાસે ટીસીએસની લકઝરીની પલ્ટી

## ૨૫થી વધુ ઘાયલોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને એપોલો ખસેડાયા : એક કર્મચારીની આંગળી કપાઇ ગઇ : કર્મચારીઓ ઈમર્જન્સી એક્ઝીટ વિન્ડો તોડીને બહાર નિકળ્યા : સદ્‌ભાગ્યે કોઇ જાનહાની નહી

ગાંધીનગર, તા. ૨૫ ગાંધીનગર ઈન્ફોસિટી નજીક આવેલી ટીસીએસ કંપનીનાં ટ્રેઈની કર્મચારીઓને સીટી પલ્સ નજીકથી લઈને કંપની તરફ આવી રહેલી લકઝરી બસ અચાનક ડીવાઈડર પર ચઢી ગયા બાદ પલ્ટી મારી જતા અફડાતફડીનો માહોલ સર્જાઇ ગયો હતો. ૫૬ મુસાફરોની કેપેસીટી ધરાવતી લકઝરીમાં ૭૦ જેટલા કર્મચારીઓ ભરીને બેફામ ગતિએ આવતી આ લકઝરી પલ્ટી મારી ગઇ હતી. બસમાં ફસાયેલા કર્મચારીઓ ઈમર્જન્સી એક્ઝીટ વિન્ડો તોડીને બહાર નિકળ્યા હતા. આ ઘટનામાં ૨૫ જેટલા કર્મચારીઓને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી જો કે સદ્ઝનસીબે કોઇ જાનહાનિ થવા પામી નથી. ઘાયલોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને એપોલો ખસેડાયા ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખસેડવામાં આવ્યા હતા. એક યુવા કર્મચારીની આ ઘટનામાં આંગળી કપાઇ જવા પામી છે.





### કર્મચારીઓએ અગાઉ ડ્રાઇવરની ફરિયાદ પણ કંપનીને કરી હતી

મળતી માહિતી મુજબ ટીસીએસનાં આ જ કર્મચારીઓએ તાજેતરમાં જ કંપનીનાં મેનેજમેન્ટને લેખિત ફરિયાદ કરી હતી કે આ ટ્રાન્સપોર્ટ કંપનીનાં ડ્રાઈવર બેફામ વાહન ચલાવે છે અને તેને બદલો..!! પરંતુ કંપની કોઈ નિર્ણય લે તે પહેલા જ આ દુર્ઘટના સર્જાવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઘટના સ્થળ પર મુખ્યમંત્રીએ પોતાનો કાફલો ઉભો કરાવી દીધો



સીટી પલ્સ નજીક લકઝરી પલ્ટી ખાઈ જવાની ઘટના સર્જાઇ ત્યાર બાદ તબક્કાવાર ઘાયલોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડાઇ રહ્યા હતા. ગાંધીનગરથી મુખ્યમંત્રી વિજયભાઇ રુપાણી આ જ સમયે અમદાવાદ તરફ જવા પોતાના કાફલા સાથે રવાના થયા હતા. રસ્તામાં આ અકસ્માત સર્જાયેલાનું દ્રશ્ય દેખતાની સાથે જ મુખ્યમંત્રીએ પોતાનાં ડ્રાઈવરને ગાડી ઉભી રાખવા ઈશારો કરી દીધો હતો. ડ્રાઈવરે સાઈડમાં કાર કરી કે તરત તેમનો કાફલો સ્થળ પર થોભી ગયો હતો. મુખ્યમંત્રીએ ઘટનામાં કોઈ જાનહાની થઈ છે કે કેમ? તેના રિપોર્ટ મેળવ્યા બાદ પોતે અમદાવાદ તરફ જવા કાફલા સાથે રવાના થયા હતા.

# સે-૩ થી ૫ના માર્ગો ઉબડ-ખાબડ

## સે-૧ અને ૨ના રસ્તાના કામ માટે કોર્પોરેશને રકમ ફાળવી : સે.૩થી ૫માં માર્ગોની હાલત વધુ ખરાબ : સેકટરવાસીઓમાં આક્રોશ

ગાંધીનગર તા ૨૫ શેહરના નવવિકસિત વિસ્તારમાં રસ્તાઓની હાલત બદતર છે. નવા સેકટરોમાં આંતરિક માર્ગો મગરની પીઠ સમાન બન્યા છે. જયારે આ મામલે તંત્ર દ્વારા માર્ગ મકાન વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી દરખાસ્તને મંજુરી ન અપાતા નવા સેકટરોના ઉબડ ખાબડ માર્ગ આમ નાગરિકો માટે ડગલે ને પગલે દુવિધારૂપ બની રહયા છે. કોર્પોરેશન દ્વારા માત્ર સે ૧ અને ૨ ના આંતરિક માર્ગો માટે જ રકમ ફાળવવામાં આવી છે. જયારે સે-૩ થી ૫ ના માર્ગો તદન કંગાળ હાલતમાં છે. ત્યારે સે-૩ થી ૫ ના આંતરિક માર્ગોને અગ્રતા આપી ઝડપથી કામ હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શેહરના રોડ નેટવર્ક પાછળ પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે વાઈબ્રન્ટ સમિટ પુર્વે પણ રસ્તાના કામો તેમજ બ્યુટીફિકેશન પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. ત્યારે શહેરના મુખ્ય માર્ગોની સાથે શહેરના આંતરિક માર્ગોની સુધારણાના કામો હાથ ધરવા માટે પણ આમ નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.

હાલ શહેરના નવા અને જુના સેકટરો પૈકી મોટાભાગના વિસ્તારમાં રોડ નેટવર્કની હાલત ખરાબ છે. ત્યારે તંત્ર દ્વારા પણ શહેરમાં સેકટરોના આંતરિક માર્ગોની દશા સુધારવા માટે લાંબા સમયથી દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ વિભાગ દ્વારા આ દરખાસ્ત સંદર્ભે કામને મંજુરી આપવામાં આવી નથી.

બીજીતરફ કોર્પોરેશન દ્વારા નવા સેકટરામાં સે ૧ અને ૨ ના માર્ગો માટે જ રકમ ફાળવવામાં આવી છે. ત્યારે સે-૩ થી ૫ માં આંતરિક માર્ગો સાવ બિસ્માર હાલતમાં હોવાથી આ સેકટરોમાં તુરંત જ રસ્તાનુ કામ હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. તંત્ર દ્વારા સે ૧ થી ૫ ના રસ્તાના કામો માટે અગાઉ રજુ કરાયેલી દરખાસ્તમાં રૂ ૧૪ કરોડના ખર્ચનો અંદાજ રજુ કરવામાં આવ્યો હતો. પરંતુ કોર્પોરેશન કક્ષાએથી માત્ર રૂ ૫ કરોડની રકમ ફાળવવમાં આવતા સે-૩ થી ૫ ના માર્ગાની સુધારણાનુ કામ અધ્ધરતાલ છે. જેના પરિણામે સેકટરવાસીઓમાં આક્રોશ પ્રબળ બન્યો છે.

# ગાંધીનગરના વિદ્યાર્થીઓને શાળામાંથી જ ઓનલાઈન એસટીના પાસ મળી રહેશે

ગાંધીનગર તા ૨૫ ગાંધીનગર એસ ટી ડેપોમાં વિદ્યાર્થીઓને પાસ માટે કતારમાં ખડા ન થવુ પડે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ડેપો દ્વારા શાળાના વિદ્યાર્થીઓને ઓનલાઈન પાસ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. અલબત્ત શાળાના આચાર્યોને જ આઇ ટી કોડ આપી દેવાતા શાળા કક્ષાએથી જ ઓનલાઈન પાસ મળી જાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર ડેપોમાં નિયમિત અપડાઉન કરનારાઓમાં પાસ ધારકોની સંખ્યા વિશેષ છે. ડેપોમાં ૪૪૦૦ જેટલા પાસ ધારકો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે નોકરીયાત વર્ગ ઉપરાંત અપડાઉન કરતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. જયારે ગાંધીનગરની શાળાઓમાં પણ સલામત સવારી મારફતે જતા વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ છે. દરવર્ષે વિદ્યાર્થીઓને પાસ કઢાવવા માટે લાંબી કતારમાં સમય બગાડવો પડતો હોવાનો રોષ પ્રબળ બને છે. જયારે ડેપોમાં લાંબી કતારોના લીધે તોડફોડ થતી હોવાના કિસ્સાઓ પણ અગાઉ અનેકવાર પ્રકાશમાં આવ્યા છે. ત્યારે પાસના મામલે વિદ્યાર્થીઓએ સમય વેડફવાની સાથે કતારમાં ઉભા થવાની નોબત આવતી હતી. જયારે આ સઘળી સ્થિતિને ડામવા એસ ટી નિગમ દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન પાસ મળી રહે તે માટે શાળા કક્ષાએજ વ્યવસ્થા કરવામાં આવી છે. અલબત્ત શાળાના આચાર્યોને જરૂરી કોડ આપી શાળામાંથી એસ ટી પાસ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ગાંધીનગરની શાળામાં પણ આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ પાસ કઢાવવા માટે વિદ્યાર્થીઓએ ડેપો સુધી આવવુ ન પડે તે માટે આ પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેના લીધે વિદ્યાર્થીઓનો સમય બચશે અને ઝડપી પાસ મળી રહેશે.

# ગુડા દ્વારા સીસી રોડના કામોનુ ભુમિપુજન

## ગ્રામ્ય વિકાસ સહયોગ યોજના અન્વયે ૪૦ લાખના સી સી રોડના કામોનું ભૂમિપૂજન

ગાંધીનગર તા ૨૫ ગુડા દ્વારા ગ્રામ વિકાસ સદભાવના અંતર્ગત તબક્કાવાર ગ્રામ્ય વિસ્તારમાં સી સી રોડનુ કામ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. માત્ર શહેરી વિસ્તારમાં જ નહી પરંતુ ગામડાઓમાં પણ માળખાગત સુવિધાઓ મજબુત બને તેવા આશયથી ગુડા દ્વારા આજે પણ મોટી આદરજ, ઉવારસદ, પોર, પીંપળજ સહીતના ગામોમાં આર સી સી રોડના કામોનુ ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. રૂ ૪૦ લાખના કામોનુ ભુમિપુજન કરાયુ હતુ.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે પણ શહેર આસપાસના ગામોમાં સી સી રોડના કામોનુ ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. ગઈકાલે પણ ગુડા દ્વારા સી સી રોડના કામો અન્વયે ભુમિપુજન કરાયુ હતુ. જયારે આજે ગુડા ગ્રામ્ય વિકાસ સહયોગ યોજના અન્વયે મોટી આદરજમાં પરા બસ સ્ટેશનથી સ્કુલમાં જવાનો રસ્તો તેમજ ઉવારસદ ગામમાં મેઈનરોડથી ગામ તરફ જવાનો રસ્તો આ ઉપરાંત પોર ગામમાં પ્રાથમિક શાળા તરફ જવાનો રસ્તો અને પીંપળજમાં શાળા તરફ જવાના માર્ગના કામ માટે ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. ગ્રામિણ રસ્તાઓના કામ માટે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ અને ગુડાના ચેરમેન આશિષ દવેના હસ્તે ખાતમુહુર્ત વિધિ કરવામાં આવી હતી. આ તબક્કે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલ જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલા ભાજપના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. તા ૨૬ નવેમ્બરના રોજ પણ નવાધરમપુર, ડભોડ ખાતે પણ આર સી સી રોડના કામોનુ ભુમિપુજન કરવામાં આવશે. જિલ્લાના વિવિધ ગામોમાં દાયકાઓના અંતે સી સી રોડની સુવિધા ઉપલબ્ધ થશે. ગુડા દ્વારા ગ્રામ્ય વિકાસ સહયોગ અંતર્ગત ગામોમાં માળખાગત સુવિધાના કામોને વેગ આપવામાં આવી રહયો છે.

ગાંધીનગરના પાદરે જૂજ ઓફીસ બાકી
SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle



Developers SHREE MADHAVKISHAN INFRA HOUSING PROJECTS PVT. LTD.
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141

તાત્કાલિક જોઈએ છે
એરટેલ કંપનીના શૉ-રૂમ માટે નીચે જણાવેલ અનુભવી અને ગ્રેજ્યુએશન ધરાવતા સ્ટાફની જરૂર છે.
● કસ્ટમર રીલેશનશીપ ઓફીસર
● કેશીયર્સ
વૉક-ઈન-ઈન્ટરવ્યુ માટે નીચે જણાવેલ સરનામે સંપર્ક કરો.
શોપ નં. ૨૮૩, સુમન કોમ્પલેક્ષ, હૉટલ હવેલીની બાજુમાં, સેકટર-૧૧, ગાંધીનગર

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com